# સ્વાહિલી ભાષા પરિચય

જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશમાં બોલાતી ભાષા તે દેશની વ્યક્તિ માટે અનિવાર્ય ભાષા હોય છે. આજે સેંકડો વર્ષોથી ગુજરાતી પ્રજાનો પૂર્વ આફ્રિકાની ધરતી સાથે ઘનિષ્ટ સંબંધ છે, અને તેમાંના ઘણી વ્યક્તિઓ "કામચલાઉ" સ્વાહિલી ભાષા જાણે છે.

ગુજરાતી ભાષાના બધા શબ્દોને નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય એવા પાંચ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યા છે, તે જ પ્રમાણે સ્વાહિલી ભાષાના શબ્દોને પણ જુદા જુદા વર્ગમાં વહેંચવામાં આવેલ છે. નીચે આપેલા મુદ્દાઓ દ્વારા સ્વાહિલી ભાષાનો પરિચય કેળવીએ.

- સ્વાહિલી ભાષામાં એક વ્યક્તિને માટે 'તું' જ વપરાય છે. ગુજરાતીમાં માનાર્થે વપરાતા તમે, આપ વગેરેનો ઉપયોગ આ ભાષામાં થતો નથી. એક કરતાં વધારે વ્યક્તિ હોય તો જ 'નીન્યી' (તમો) વપરાય છે.
- જે શબ્દ પ્રાણી, પદાર્થ, વનસ્પતિ, ગુણ કે ક્રિયા ઓળખાવે તેને ગુજરાતી ભાષામાં નામ કહે છે. દા.ત. ચંદ્ર, રામ, પર્વત, ઘી વગેરે. સ્વાહિલી ભાષામાં પણ નામને જુદા જુદા વિભાગોમાં વહેંચી નાખવામાં આવેલ છે અને તે વિભાગો વર્ગ તરીકે ઓળખાય છે.
- ગુજરાતીમાં છોકરું શબ્દ એકવચન છે અને છોકરાં શબ્દ બહુવચન છે. ગુજરાતી ભાષામાં નામને અંતે આવો ફેરફાર કરવાથી એકવચનમાંથી બહુવચનમાં બનાવી શકાય છે. પરંતુ સ્વાહિલી ભાષામાં **નામને અંતે નહીં પરંતુ નામની શરૂઆતમાં** ફેરફાર કરવાથી વચનમાં ફેરફાર થાય છે. વળી, આવા ફેરફારો દરેક શબ્દમાં સરખી રીતે નથી થતા પણ વર્ગવાર થાય છે.
- 'વા' વર્ગ – આ વર્ગમાં મોટે ભાગે જીવંત વસ્તુઓનાં (પ્રાણીઓનાં) નામ આવે છે. આ વર્ગનાં બધા નામ મૂથી શરૂ થાય છે. દા.ત માણસ – મ્ટુ, પશુ – મ્ન્યામા
- 'મી' વર્ગ – જે શબ્દ મ્ થી શરૂ થતો હોય અને પ્રાણીનું નામ હોય તે 'વા' વર્ગમાં આવે છે, જ્યારે મ્ થી શરૂ થતો શબ્દ હોય પણ પ્રાણીનું નામ ન હોય તેવા શબ્દો 'મી' વર્ગના ખેવાય છે. **મી વર્ગના શબ્દોનું બહુવચન કરતી વખતે 'મ્'ની જગ્યાએ 'મી' મૂકવામાં આવે છે.** દા.ત વર્ષ – મ્વાકા, વર્ષો – મીઆકા
- 'કી' વર્ગ – બધા વર્ગ કરતાં આ 'કી' વર્ગ સહેલો છે. મોટે ભાગે આ વર્ગમાં વસ્તુઓનાં નામોનો સમાવેશ થાય છે, એટલે એને 'કી' વર્ગ અથવા 'કીટુ' વર્ગ કહેવામાં આવે છે. આ વર્ગના ઘણાખરા શબ્દોનો પ્રથમાક્ષર 'કી' હોય છે અને 'કી'ની જગ્યારે 'વી' મૂકવાથી તેનું બહુવચન બને છે.

તદુપરાંત આ વર્ગના કેટલાક શબ્દોનો પહેલો અક્ષર ‘ચ’ પણ હોય છે અને તે ‘ચ’ની જગ્યારે વ્ય મૂકવાથી બહુવચન બને છે. દા.ત. યુવક – કીજાના, યુવકો – વીજાના, વાસણ – ચોમ્બો, વાસણો – વ્યોમ્બો

- ‘ન’ વર્ગ – આ વર્ગને પરચુરણિયો વર્ગ પણ કહે છે. અન્ય વર્ગમાં ન આવી શકે તેવા અને અન્ય ભાષાઓમાંથી અપનાવેલા શબ્દો મુખ્યત્વે આ વર્ગના ગણાય છે. આ વર્ગનો શબ્દ અમુક જ અક્ષરથી શરૂ થવો જોઈએ તેવો કોઈ નિયમ નથી. દા.ત. રજા – રૂહુસા, મધ – આસાલી, દવા – ડાવા. આ વર્ગમાં મોટેભાગે એકવચન અને બહુવચનનાં રૂપ એક જ રહે છે, પરંતુ ક્રિયાપદ ઉપરથી તે શબ્દ એકવચનમાં છે કે બહુવચનમાં તે પારખી શકાય છે. જેમકે, કેળું પાક્યું છે (ન્ડીઝી ઇમેઇવા (એ.વ.)) અને કેળાં પાક્યાં છે (ન્ડીઝી ઝીમેઇવા (બ.વ.)). ‘કી’ વર્ગમાં ન આવ્યાં હોય તેવાં પ્રાણીઓનાં ઘણાખરાં નામ તથા સગાસંબંધીઓનાં નામ આ વર્ગમાં આવે છે. ‘ન’ વર્ગની ખાસ ખૂબી એ છે કે ઘણી વખત ‘ન’નો શબ્દની શરૂઆતમાં લોપ થઈ શબ્દ બીજા જ અક્ષરથી શરૂ થાય છે. દા.ત. ઘંટ – કેન્ગેલે, નિસરણી – ન્ગાઝી
- ‘મા’ વર્ગ – આ વર્ગની ઓળખ માટે એવું કહી શકાય કે, જે શબ્દનું બહુવચન એ શબ્દની પૂર્વે ‘મા’ મૂકી દેવાથી થાય છે તેવા શબ્દો, કાયમ બહુવચનમાં જ વપરાતા શબ્દો અને કેટલાંક સમૂહવાચક ને દ્રવ્યવાચક નામો ઉપરાંત, અપવાદરૂપ કેટલાક શબ્દો છે કે જે એકવચનમાં ‘જી’ અથવા ‘જા’થી શરૂ થતા હોય, તેનું બહુવચન બનાવતાં ‘જી’ કે ‘જા’ ને બદલે ‘મા’ મૂકાય છે. પરદેશી શબ્દો ખાસ કરીને ઇલ્કાબ કે હોદ્દો બતાવતા હોય તેવા શબ્દોનું બહુવચન શબ્દની પહેલાં ‘મા’ ઉમેરવાથી થાય છે. દા.ત વજીરો – માવઝીરી
- ‘ઉ’ વર્ગ – ભાવવાચક અને દ્રવ્યવાચક નામનો આ વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તેવાં નામોનું બહુવચન થતું નથી. દા.ત. મિત્રતા – ઉરફીકી, શક્તિ – ઉવેઝો. આ વર્ગમાં આવતા કેટલાક શબ્દોનું બહુવચન ‘ઉ’ પ્રથમાક્ષરનો લોપ કરવાથી થાય છે જેમકે – નખ – ઉકુચા, નખો – કુચા. તે ઉપરાંત સમૂહવાચક નામોનો સમાવેશ પણ આ વર્ગમાં થાય છે. જેમકે  લોટ – ઉન્ગા, રાબડી – ઉગાલી.
- ‘પા’ વર્ગ – આ વર્ગમાં ફકત એક જ શબ્દ છે અને તે ’માહાલી’ અથવા ‘પાહાલી’. આ શબ્દનો અર્થ જગા, પ્રદેશ, સ્થળ વિગેરે થાય છે. બહુવચન તેમ જ એકવચનમાં એક જ રૂપ વપરાય છે.
- **સર્વનામ** : જે શબ્દો નામને બદલે વપરાય છે તેને સર્વનામ કહે છે. દા.ત. હું, તું, પોતે વગેરે. નામ તરીકે વપરાતા શબ્દોનું બહુવચન બનાવતાં વર્ગવાર ફેરફાર થાય છે, તે જ પ્રમાણે સર્વનામમાં

પણ વર્ગવાર ફેરફાર થાય છે. સર્વનામના મુખ્ય પ્રકાર આ પ્રમાણે છે : (1) પુરુષવાચક સર્વનામ (2) દર્શક સર્વનામ (3) સ્વવાચક સર્વનામ (4) પ્રશ્નવાચક સર્વનામ

- **ક્રિયાપદ** : જે શબ્દ ક્રિયા (કામ, કાર્ય) બતાવવા માટે વપરાય છે તેને ક્રિયાપદ કહેવાય છે. દા.ત. આવવું, જવું વગેરે. ક્રિયાપદના મૂળ રૂપને ધાતુ કહેવામાં આવે છે. ગુજરાતી ભાષામાં ધાતુને ઓળખવા માટે કંઈ મૂકાતું નથી પણ અંગ્રેજી ભાષામાં ધાતુને ઓળખવા માટે To મૂકાય છે. તે જ પ્રમાણે સ્વાહિલી ભાષામાં ધાતુની ઓળખ માટે 'કુ' મૂકાય છે. પરંતુ જ્યારે ધાતુનો ઉપયોગ વાક્યમાં કરવામાં આવે છે ત્યારે ઘણે સ્થળે આ 'કુ' ઊડી જાય છે. સ્વાહિલી ભાષામાં ક્રિયાપદના મુખ્ય ત્રણ કાળ છે (પેટા વિભાગો પણ છે). સ્વાહિલી ભાષામાં ક્રિયાપદના કોઈ પણ કાળનું રૂપ બનાવતા પહેલા પહેલા, બીજા કે ત્રીજા પુરુષના એકવચન અને બહુવચન માટે આદ્યયો (prefix) વપરાય છે, ત્યારબાદ સાદા વર્તમાનકાળનો પ્રત્યય 'આ', ભૂતકાળનો પ્રત્યય 'લી' કે ભવિષ્યકાળનો પ્રત્યય 'ટા' વપરાય છે અને પછી ધાતુ આવે છે. આમ ત્રણેય બાબતો ભેગી થાય ત્યારે જ ક્રિયાપદ બને.
- **કર્મ** : કર્મ એટલે ક્રિયાનું ફળ. કોઈ પણ વાક્યમાં મુખ્ય ત્રણ બાબતો હોય છે. (અ) કંઈક ક્રિયા થવી તે ક્રિયાપદ (બ) ક્રિયાનો કરનાર કોઈક હોય છે તે કર્તા અને (૩) ક્રિયા થવાને અંગે જે કંઈ ફળ ઉત્પન્ન થાય તે કર્મ. વાકયમાં પ્રથમ કર્તા – ક્રિયાનો કરનાર આવે, છેલ્લે ક્રિયાપદ આવે અને કર્મ એ બે શબ્દોની વચ્ચે આવે. સ્વાહિલી ભાષાના બંધારણ પ્રમાણે કર્તા પહેલો, ક્રિયાપદ ત્યાર પછી અને કર્મ છેલ્લે આવે છે. સ્વાહિલી ભાષાની વાક્ય રચના અંગ્રેજી ભાષાની વાક્ય રચનાને મળતી આવે છે. દા.ત. તે ફળ ખાશે – He will eat fruit – યેયે અટાકુલા ટુન્ડા
- **વિશેષણ** : જે શબ્દ નામના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહે છે. જેમકે રૂપાળું, સુંદર, પંદર, પાંચ, બેડોળ વગેરે. વિશેષણના મુખ્ય બે વિભાગ છે (1) ગુણવાચક વિશેષણ (2) સંખ્યાવાચક વિશેષણ. જે શબ્દ નામનો ગુણ બતાવે તે ગુણવાચક વિશેષણ અને જે વિશેષણની સંખ્યા બતાવે તેને સંખ્યાવાચક વિશેષણ કહે છે. ગુણવાચક વિશેષણના બે વિભાગ પડે છે. (1) વિકારી અને (2) અવિકારી. વિકારી એટલે નામની જાતિમાં ફેરફાર થાય ત્યારે વિશેષણની જાતિમાં પણ ફેરફાર થાય તેવા. અવિકારી એટલે નામની જાતિ ફરે તો પણ વિશેષણમાં ફેરફાર ન થાય તેવા. ગુજરાતી ભાષામાં બધા સંખ્યાવાચક વિશેષણો અવિકારી છે. ગુજરાતી ભાષામાં નામની જાતિમાં ફેરફાર થાય છે ત્યારે વિશેષણની જાતિમાં ફેરફાર થાય છે, પરંતુ સ્વાહિલી ભાષામાં તેમ થતું નથી. સ્વાહિલી ભાષામાં વિશેષણ નામની પછી આવે છે. દા.ત. મ્ટુ મ્ઝુરી – માણસ સારો
- જીવંત પ્રાણીદર્શક શબ્દ ગમે તે વર્ગનો હોય, પણ તેને જ્યારે વિશેષણ લાગે છે ત્યારે તેને 'વા' વર્ગના આદ્યયો લગાડવા જોઈએ. એકવચનમાં 'મ્' અને બહુવચનમાં 'વા' લાગે છે.

- સ્વાહિલી ભાષામાં વિકારી અને અવિકારી બેઉ જાતનાં સંખ્યાવાચક વિશેષણો છે. ગુણવાચક વિકારી વિશેષણમાં જે પ્રકારનો ફેરફાર થાય છે, તેવો જ ફેરફાર વિકારી સંખ્યાવાચક વિશેષણમાં થાય છે.
- જે શબ્દ ક્રિયાપદનો વધારો દર્શાવે અથવા તેના વિષે કંઈક વધુ કહે, તેને ક્રિયાવિશેષણ અવ્યય કહેવામાં આવે છે. સ્વાહિલી ભાષાના કેશો કુટવા, કેશો, કાટીકાટી વગેરે જેવા શબ્દો ક્રિયા વિશેષણ તરીકે વપરાય છે.
- વાક્યોમાં વપરાયેલા શબ્દો સાથે જુદો જુદો સંબંધ બતાવવા માટે નામને કેટલાક પ્રત્યયો લગાડવામાં આવે છે તેને વિભક્તિ કહે છે. આવી સાત વિભક્તિઓ છે. આ વિભક્તિના પ્રત્યયો એક પદનો બીજા પદ સાથે કયા પ્રકારનો સંબંધ છે તે બતાવે છે. જે પ્રમાણે ગુજરાતી ભાષામાં વિભક્તિના પ્રત્યયોનો પ્રયોગ થાય છે, તે પ્રમાણે સ્વાહિલી ભાષામાં નથી થતો, પણ કેટલીક વખતે પ્રત્યયો લાગીને અને કેટલીક વખતે ક્રિયાપદમાં ફેરફાર કરીને વિભક્તિ સમજાવાય છે. સંબંધ બતાવવા માટે ગુજરાતીમાં નો, ની, નું, ના વગેરે પ્રત્યયો વપરાય છે, તે પ્રમાણે સ્વાહિલી ભાષામાં આવા પ્રત્યયો વર્ગવાર અને વચનવાર વપરાય છે.
- નામ, સર્વનામ, વિશેષણ વિગેરેમાં જાતિ, વિભક્તિ અને વચનને કારણે ફેરફાર થાય છે, પણ કેટલાક શબ્દો એવા છે, જેમાં ઉપરના કારણે ફેરફાર થતો નથી, તેવા શબ્દોને અવ્યય કહે છે. સ્વાહિલી ભાષામાં પણ આ જ નિયમ લાગુ પડે છે.
- વર્તમાનકાળમાં ધાતુને અંતે જુદા જુદા આદ્યયો મૂકવાથી નકારાત્મક રૂપ થાય છે.